RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૭૧ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતી હીનાબેન ડી.પટેલ
સામાવાળાઃ – એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી હીનાબેન ડી.પટેલની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી વૃંદાવનટાઉનશીપમાં ભેસ્તાન,રેલ્વે સ્ટેશન રોડ પાસે હળવા દબાણથી પાણી આવતું હોય જેના કારણો દર્શાવતી વિગત બાબતે મુદ્દા નં.(૧)તા. ૧૪–૧૨–૧૧ના રોજ સોસાયટી ધ્વારા અરજી આપેલ હતી તેની આજદિન સુધી કયા કારણોસર કાર્યવાહી કરવામાં આવી નથી જેની જરૂરી વિગતો આપવી મુદ્દા નં.(૨)પ્રેસરથી પાણી આપવા માટે કેટલા દિવસનો સમયગાળો લાગશે ? તેની વિગત આપવા મુદ્દા નં.(૩) જુ. ઈજનેર શ્રી ચાંગેસાને વારંવાર રજૂઆત કરવા છતાં ઉધ્ધતાઈ થી જવાબ આપવામાં આવેલ છે તેની સામે યોગ્ય કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/**૫૭૧/૨૦૧૧–૧૨

શ્રીમતી હીનાબેન ડી.પટેલની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી વૃંદાવન ટાઉનશીપમાં ભેસ્તાન,રેલ્વે સ્ટેશન રોડ પાસે હળવા દબાણથી પાણી આવતું હોય જેના કારણો દર્શાવતી વિગત બાબતે મુદ્દા નં.(૧) તા. ૧૪–૧૨–૧૧ના રોજ સોસાયટી ધ્વારા અરજી આપેલ હતી તેની આજદિન સુધી કયા કારણોસર કાર્યવાહી કરવામાં આવી નથી જેની જરૂરી વિગતો આપવી મુદ્દા નં.(૨)પ્રેસરથી પાણી આપવા માટે કેટલા દિવસનો સમયગાળો લાગશે ? તેની વિગત આપવા બાબત. મુદ્દા નં.(૩) જુ. ઈજનેર શ્રી ચાંગેસાને વારંવાર રજૂઆત કરવા છતાં ઉધ્ધતાઈ થી જવાબ આપવામાં આવેલ છે તેની સામે યોગ્ય કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ તેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં.૨ પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની હોઈ, પ્રસિધ્ધિની જોગવાઈ નકલ સહ જણાવવા** તથા તા.૧૪–૧૨–૧૧ ની અરજી તેઓની કક્ષાએ આવેલ હોય તો તે અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહી સહિતની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૦૫ તા.૩૦–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) તથા અરજદારને અરજીમાં નિર્દિષ્ટ તા. ૧૪–૧૨–૧૧ની અરજીની નકલ રજૂ કરવા તથા મુદ્દા નં.૩ માટે કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબત જણાય છે કોઈ માહિતી માંગેલ નથી તેવા કિસ્સામાં સક્ષમસત્તાને અલાયદી રજુઆત કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૫૫૪ તા.૩–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૯૦ તા.૧૮–૧–૧૨ ના પત્રની નકલ, ઉધનાઝોન તરફથી હાઈડ્રોલીક વિભાગને અઘટિત વિલંબથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૨૯ તા.૦૩–૦૧–૧૨ થી તબદીલ કરેલ જણાવતા પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૬ તા.૧૮–૨–૧૨ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી હાઈડ્રોલીક વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે હાઈડ્રોલીક વિભાગને તા.૩–૧–૧૨ ના રોજ મળેલ. જેના સંદર્ભે હાઈડ્રોલીક વિભાગ તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૯૦ તા.૧૮–૧–૧૨ થી અરજદારને નિયત સમય અવધિમાં જણાવ્યા મુજબની તા.૧૪–૧૨–૧૧ ની ફરીયાદ અરજી હાઈડ્રોલીક વિભાગને કરવામાં આવેલ હોવાનું જણાતું નથી.તેમજ અન્ય માંગવામાં આવેલ કારણો સહિતની વિગતોનો હાઈડ્રોલીક કક્ષાના ઉપલબ્ધ રેકર્ડ પરથી આપવા જોગ માહિતીના ફલકમાં સમાવેશ થતો હોવાનું જણાતું ન હોય આપવા જોગ માહિતી નીલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને હાઈડ્રોલીક વિભાગ તરફથી પ્રેસરથી પાણી નહી મળવા બાબતે કોઈ હકીકતલક્ષી માહિતી જણાવેલ નથી. જયારે અરજદારની તા.૧૪–૧૨–૧૧ ની અરજી તેમજ અધિકારીની ફરીયાદ કાર્યવાહીને લગતી રજૂઆત કરવામાં આવેલ છે. જે અંગે સક્ષમ સત્તાએ શું કાર્યવાહી કરી તે અંગે ઉધનાઝોન તરફથી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. વધુમાં અપીલ તબકકે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૮૬ તા.૧૯–૨–૧૨ થી અપીલ અંગેની કાર્યવાહી બાબતે હાઈડ્રોલીક વિભાગને જવાબ પાઠવવા તબદીલ કરેલ છે પરંતુ તેમાં અરજીની કાર્યવાહીને લગતી કોઈ વિગતો જણાવેલ નથી. આમ ઉધનાઝોન તરફથી અરજદારની અરજી બાબતે હાઈડ્રોલીક વિભાગને અરજી મળેલ નહીં હોવાનું જણાવેલ છે. જયારે અરજદાર કે ઉધનાઝોન કક્ષાએથી આ અંગે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. અરજદાર ધ્વારા પાણીના પ્રેસર અંગની માંગેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૪(૧)(ડી) હેઠળ અસરકર્તા વ્યકિતને તેના કારણો જણાવવાના રહેશેની જોગવાઈ હેઠળ આવતી હોઈ તેની વિગતો આપવા જોગ થાય.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૩–૧–૧૨ ધ્યાને લેતાં ૨૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૭–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી હાઈ ડ્રોલીક તરફથી પ્રેસરથી પાણી આપવા બાબતે નહીં પૂરી પડાયેલ માહિતી તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જો અરજદાર સોસા.ની તા.૧૪–૧૨–૧૧ ની અરજી મળેલ હોય તો અરજી બાબતે થયેલ અથવા ન થયેલ કાર્યવાહી અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. અરજદાર અન્ય રજૂઆત ફરીયાદને લગતી હોઈ સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી હીનાબેન ડી.પટેલ,